

દહેગામ ખાતે રોટરી ક્લબ ઓફ દહેગામ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા દહેગામ શાખાના સંયુક્ત ઉપક્રમે વંદેમાતરમ કોમ્પલેક્ષ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૫૫ બોટલ જેટલુ રક્ત એકત્રીત કરવામાં આવ્યું હતું. ક્લબના પ્રમુખ મહેશ પટેલ સહિત અનેક આગેવાનો જોડાયા હતા. (તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

# સે. ૨-બીમાં ફોર્સથી પાણી ન આવતું હોવાના પોકાર

## નવી વિતરણ વ્યવસ્થા બાદ પાણીની સમસ્યા ઉદ્‌ભવી

ગાંધીનગર, તા. ૩

નવી પાણી વિતરણ વ્યવસ્થાના અંતે સે. ૨-બીમાં પાણી ફોર્સથી આવતુ ન હોવાની પોકાર ઉઠવા પામી છે. આ મામલે સેક્ટરના જાગૃત નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી છે.

નવા સેક્ટરોમાં પાણીનો ફોર્સ વધે તેમજ વિકાસ અને વસતી મુજબ અસરકારક પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવી શકાય તે માટે સે. ૫-ડીમાં નવીન પાણીની ટાંકી બનાવવામાં આવી છે જ્યારે વર્ષો જૂની પાઈપલાઈનો પણ બદલી દેવાઈ છે. આમ છતા સે. ૨માં ફોર્સથી પાણી ન આવતુ હોવાની બૂમ ઉઠવા પામી છે.

સેક્ટરવાસીઓના જણાવ્યા મુજબ સરીતાઉદ્યાનની ટાંકીમાંથી પાણી આવતુ હતુ ત્યારે ફોર્સ જળવાઈ રહેતો હતો પરંતુ નવી ટાંકી શરૂ થયા બાદ ફોર્સથી પાણી આવતુ નથી. સેક્ટરમાં પાણીની જરૂરિયાત વધી છે. આમ છતાં ફોર્સથી પાણી આવતુ નથી. આ મામલે સેક્ટરવાસીઓ દ્વારા તંત્ર સમક્ષ પણ અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી. બીજી તરફ સ્થાનિક રહીશોએ રોજબરોજ ઓરડીમાંથી પાણી ભરવુ પડે છે. સેક્ટરોમાં ફોર્સથી પાણી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા સ્થાનિક રહીશોએ માંગ કરી છે.

# સહયોગ મંડળ ગાંધીનગરે સરકારી પ્રાથમિક શાળામાં કિટનું વિતરણ કરી તિથિ ભોજન પિરસ્યું

ગાંધીનગર, તા. ૩

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૩ અને ૬ સરકારી પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન અને શાળાના ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસને લગતી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સહયોગ મંડળ દ્વારા સેક્ટર-૬ની પ્રાથમિક શાળામાં ગત તા. ૨૬-૬-૨૦૧૩ના રોજ શાળામાં હાજર વિદ્યાર્થીઓને બુંદી અને ગાંઠીયાનું તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. તેમજ ગતરોજ સેક્ટર-૧૩ની પ્રાથમિક શાળા નંબર-૨ ના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડા, નોટબુક, પેન્શીલ, રબર, પેન, કલરબોક્ષ, કંપાસ બોક્ષ સહિતની અભ્યાસની સામગ્રી હાજર રહેલ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવી હતી. શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ પોતાને અભ્યાસને લગતી સ્ટેશનરીની ચીજવસ્તુઓ મળતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. શાળાના આચાર્ય અને શિક્ષણગણનો મંડળને સાથ અને સહકાર સાપડ્યો હતો. આ પ્રસંગે સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, સાથી મિત્રો ભગુભાઈ પટેલ, બહેચરભાઈ પ્રજાપતિ, દશરથભાઈ પટેલ, ડૉ. રમેશચંદ્ર ત્રિવેદી,. દશરથલાલ પરમાર ખાસ હાજર રહ્યા હતા.

# ગાંધીનગર શહેરમાં ભગવાન શ્રી જગન્નાથજીની યાત્રાનો માર્ગ

| | | |
|---|---|---|
| શ્રી પંચદેવ મંદિર | સેક્ટર-૨૨ | પ્રયાણ |
| શોપીંગ સેન્ટર, શ્રી વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર | સેક્ટર-૨૨ | ૭.૦૫ |
| ૧૭-૨૨ થઈને શોપીંગ સેન્ટર | સેક્ટર-૧૭ | ૭.૨૦ |
| શ્રી હનુમાનજી મંદિર | સેક્ટર-૧૭ | ૭.૩૦ |
| વાયા નાગરિક બેંક શોપિંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર | સેક્ટર-૧૬ | ૮.૦૦ |
| યુથ હોસ્ટેલ, સરકારી કોલેજ વાયા મહાત્મા મંદિર | સેક્ટર-૧૫ | ૮.૩૦ |
| શ્રી લિંબચ માતા મંદિર-શોપીંગ સેન્ટર | સેક્ટર-૧૩ | ૯.૦૦ |
| સેક્ટર-૧૨ શોપીંગ, શ્રી ઉમિયાધામ ચાર રસ્તા | સેક્ટર-૧૨ | ૯.૧૫ |
| શ્રી ખોડિયાર મંદિર (સિવિલ હોસ્પિટલ) | સેક્ટર-૧૨ | ૯.૨૫ |
| શ્રી ભુવનેશ્વર મહાદેવ/સંત રોહિદાસ મંદિર (માત્ર રથ) | સેક્ટર-૬ | ૯.૩૫ |
| ૬/૩ અને ૭/૨ થઈને શોપીંગ સેન્ટર | સેક્ટર-૭ | ૧૦.૧૫ |
| શોપીંગ સેન્ટર | સેક્ટર-૮ | ૧૦.૩૦ |
| એરફોર્સ, પોલીસ ભવન, આંકડા બ્યુરો, નવા સચિવાલય | સેક્ટર-૯/૧૦ | ૧૧.૦૦ |
| પુછપરછ કચેરી અને ઘ-ટાઈપના મકાન | સેક્ટર-૧૯ | ૧૧.૩૦ |
| વાયા વાણિજ્ય કોલેજથી અક્ષરધામ | સેક્ટર-૨૦ | ૧૧.૪૫ |
| વાયા સેક્ટર-૩૦, ચાર રસ્તા, શ્રી ગુરૂદ્વારા | સેક્ટર-૩૦ | ૧૨.૧૦ |
| શોપીંગ સેન્ટર, આર.ટી.ઓ., જાગૃતિ પાર્ક | સેક્ટર-૩૦ | ૧૨.૨૫ |
| વિશામો શ્રી જલારામ મંદિર | સેક્ટર-૨૯ | ૧૩.૩૦થી ૧૫.૦૦ |
| વિશામા બાદ પુનઃ પ્રયાણ | સેક્ટર-૨૯ | ૧૫.૦૦ |
| શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર-શ્રી મહાકાળી મંદિર | સેક્ટર-૨૯ | ૧૫.૧૦ |
| શ્રી દત્ત મંદિર (વાયા બાલોદ્યાન) | સેક્ટર-૨૮ | ૧૫.૨૦ |
| શ્રી સોમેશ્વર મંદિર (એસ.આર.પી.), શ્રી શિવશક્તિ મંદિર | સેક્ટર-૨૭ | ૧૫.૫૦ |
| શ્રી સાંઈ બાબાચોક-સહકાર કોલોની | સેક્ટર-૨૪/૨૭ | ૧૬.૧૫ |
| સેક્ટર-૨૪/૨૫, આદર્શનગર શોપીંગ સેન્ટર | સેક્ટર-૨૪ | ૧૬.૩૫ |
| શ્રી આર્યસમાજ મંદિર | સેક્ટર-૨૪ | ૧૬.૫૫ |
| ભારતનગર, ઈન્દીરાનગર, પાઠ્યપુસ્તક મંડળ | સેક્ટર-૨૪ | ૧૭.૧૦ |
| શ્રી સ્વામિનારાયણ મંદિર | સેક્ટર-૨૩ | ૧૭.૩૦ |
| શોપીંગ સેન્ટર | સેક્ટર-૨૩ | ૧૭.૪૦ |
| આયુર્વેદ હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ | સેક્ટર-૨૨ | ૧૮.૧૦ |
| વાયા ૨૨/૨૯, ચ-૬, શ્રી વૈજનાથ મહાદેવ | સેક્ટર-૨૧ | ૧૮.૨૦ |
| જિલ્લા પુસ્તકાલય, શાકમાર્કેટ, શ્રી અંબાજી મંદિર | સેક્ટર-૨૧ | ૧૮.૪૦ |
| શ્રી પંચદેવ મંદિર પરત | સેક્ટર-૨૨ | ૧૯.૩૦ |

# શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ શાખાની વાર્ષિક સામાન્ય સભા ૭મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, સેક્ટર-૨૩ શાખા, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા આગામી તા. ૭મી જુલાઈના રોજ સાંજના ૪ વાગે સરકારી પ્રાથમિક સ્કૂલ, સેક્ટર-૨૩માં રાખવામાં આવી છે. જેની તમામ કારોબારી સભ્યો તથા સેક્ટર-૨૩ના બ્રહ્મબંધુઓએ નોંધ લેવા તથા હાજર રહેવા વિનંતી છે.

બ્રહ્મબંધુઓને જણાવવાનું કે સેક્ટર-૨૩ શાખા પરીચય પુસ્તિકાનું કામ આખરી ચરણમાં છે. જે બ્રહ્મબંધુઓએ પરીચય પુસ્તિકાના ફોર્મ આપવાના બાકી હોય અથવા પરીચય પુસ્તિકામાં કોઈ જાહેરાત આપવાની ઈચ્છા હોય તેઓએ છેલ્લી તા. ૭-૭-૧૩ સુધીમાં પોતાના ફોર્મ અથવા જાહેરાત વહેલી તકે પહોંચતા કરવાના રહેશે. છેલ્લી તારીખ બાદ જેના ફોર્મ મળેલ નહી હોય તેઓની કુટુંબની માહિતી પરીચય પુસ્તિકામાં છાપવામાં આવશે નહી તથા તે બાબતે કોઈ તકરાર ચાલશે નહી.

પરિચય પુસ્તિકાના ફોર્મ કે જાહેરાત આપવા માટે પ્રદિપભાઈ દવે-૯૪૨૭૩૦૫૯૦૫, પરેશભાઈ દવે-૯૮૨૪૦૨૪૭૧૮, દિલીપભાઈ જાની-૯૯૨૪૨૫૭૧૯૩, ભાસ્કરભાઈ વ્યાસ-૯૭૨૭૭૨૨૮૮૯નો સંપર્ક કરી શકાશે.

# અખિલ હિન્દ મેવાડા સમાજ દ્વારા યુવક-યુવતિ પસંદગી મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૩

અખિલ હિન્દ ભટ્ટ મેવાડા સમાજ દ્વારા ગાંધીનગર ખાતે તાજેતરમાં યુવક-યુવતિ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પસંદગી મેળામાં જુદા જુદા વિસ્તારોમાંથી સમાજના યુવક-યુવતિઓ ઉમટી પડ્યા હતા. મંડળના પ્રમુખ રમેશભાઈ જોષીએ સૌનું સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ૨૭૫ જેટલા યુવક-યુવતિઓએ પોતાનો પરિચય આપ્યો હતો. મયંકભાઈ જોષી, મહેશભાઈ જોષી, નિતિનભાઈ ભટ્ટ, વિભાકર ભટ્ટ, વિનયક પંડ્યા, તેમજ મુંબઈ હિત વર્ધક મંડળના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. રમેશભાઈ જોષી, દિલિપભાઈ જોષી, ડૉ. રાકેશ જોષી, અમૃતલાલ ઉપાધ્યાય, અંજનાબેન ગોર તથા કશ્યમ ગોર જેવા કાર્યકરોએ સૌને માર્ગદર્શન આપ્યું હતું. સમાજના પ્રકાશભાઈ ભટ્ટ, ભરતભાઈ પંડ્યા તથા સંજયભાઈ જોષીએ પણ સુંદર સહયોગ આપ્યો હતો. રમેશભાઈ જોષીએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## ખડાયતા સમાજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૩

કડી યુનિવર્સિટીમાં એમ.સી.એ.માં અભ્યાસ કરતી શીતલ ભુપેન્દ્ર શાહે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી સમસ્ત ખડાયતા સમાજનું ગૌરવ વધાર્યુ છે. તો બદલ સમાજના અગ્રણીઓએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

## સ્વામી સેક્સકાંડમાં વધુ એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૩

ચકચાર મચાવી ચુકેલા કલોલના સ્વામિનારાયણ ગુરૂકુળના રૂમમાં થયેલા સેક્સકાંડમાં કલોલ તાલુકા પોલીસ વધુ એક શખ્સની ધરપકડ કરી લીધી છે.

સ્વામીને યુવતી સપ્લાય કરનાર ચંદા શાહ સ્વામીના કોન્ટેકટમાં ભાવેશના મારફતે આવ્યો હતો. અને ભાવેશ નામનો શખ્સ મુળ નરોડાના શુકન ફલેટનો અને હાલ માણસાના રિદ્રોલ ગામમાં રહેતા મુકેશ નામના શખ્સ મારફતે કોસ્ટેકટમાં આવ્યો હતો. કલોલ તાલુકા પોલીસે મુકેશ ઉર્ફે સલીમ ઉર્ફે પીન્કો ગાંડાલાલ પટેલની આજે ધરપકડ કરી લીધી છે.

## ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ જોગ

ગાંધીનગર, તા.૩

૪૮ ગામ કડવા પાટીદાર સમાજ મંડળ (માણસા) ગાંધીનગર દ્વારા સમાજની કૌટુંબિક માહિતી ધરાવતી પરિચય પુસ્તિકાની નવીન આવૃત્તિ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આથી પુસ્તિકામાં કૌટુંબિક માહિતી, જાહેરાત જેવી વિગેરે માહિતી તાત્કાલિક અસરથી સમાજના પ્રતિનિધિઓના મોબાઈલ નંબર ૯૪૨૬૦ ૩૦૪૦૯, ૯૮૨૫૮ ૮૪૮૪૯, ૯૯૨૫૦ ૦૨૪૧૫, ૯૮૨૪૪૫૨૯૭૦ ઉપર સંપર્ક કરી અથવા પ્રતિનિધિઓને આપવા માટે જણાવવામાં આવે છે.

## અવસાન નોંધ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-બી પ્લોટ નં. ૭૩૮/૨ ખાતે રહેતા મહાદેવભાઈ વાઘરોડીયાના ધર્મ પત્ની સ્વ. ઉષાબેન મહાદેવભાઈ વાઘરોડીયાનુંતા. ૧ જૂલાઈ ૨૦૧૩ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું આગામી તા. ૮ જુલાઈ ૨૦૧૩ને સોમવારના રોજ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

## રાહત ફંડ એકત્રીકરણ સેવા-કાર્ય

ગાંધીનગર, તા. ૩

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે ઉત્તરાખંડમાં આવેલ કુદરતી હોનારતમાં અસરગ્રસ્ત-પીડિત નાગરિકોને મદદરૂપ થવા માટે રાહત ફંડ એકત્રીકરણ સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના 'રાષ્ટ્રીય સેવા યોજના', 'બાળ ઊર્જા રક્ષક દળ', 'રાહી ઈકો કલબ.', 'સ્કાઉટ ગાઈડ', અને 'એન.સી.સી. યુનિટ'ના બાળકોના સંયુક્ત ઉપક્રમે આયોજીત સદર કાર્યક્રમમાં શાળા પરિવારના તમામ અધ્યેતાઓ અને સારસ્વતમિત્રો સોજા, મણીનગર, ધેધુ અને ગોલથરા ગામની તમામ શેરી-મહોલ્લા-વાસ-ફળિયામાં ફરી-ફરીને ગ્રામજનો/વડીલોને સમજાવીને તેમની પાસેથી યથાશક્તિ યોગદાન સ્વરૂપે નોંધપાત્ર રકમ એકઠી કરી લાવ્યા હતા. નાગરિકોએ પણ જનકલ્યાણના આ ભાગીરથ-શ્રમદાતનમાં ઉત્સાહભેર સહકાર-સહોયગ આપતાં અંદાજે રૂપિયાનું માતબર ફંડ જમા કરાવ્યું હતું.

### ઉત્તરાખંડના વિનાશની ઘટના માટે મદદરૂપ થવા અંધશાળાની અપીલ

ગાંધીનગર, તા. ૩

સર્વિસ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ મંડળના સભ્યો દ્વારા ઉત્તરાખંડમાં તાજેતરમાં આકસ્મિક કુદરતી વિનાસ સર્જાયો છે. જેમાં અસંખ્ય લોકોએ જાન ગુમાવ્યા અને અનેક લોકો બેઘર બન્યા છે. અનેક લોકોના માલ-સામાન પુરમાં તણાઈ ગયા છે. તેમને આર્થિક મદદ કરવા માટે મંડળના સભ્યોએ ઓછામાં ઓછા ૨૫૧ ચેક, ડ્રાફ્ટ કે રોકડમાં જમા કરાવી આ ઉમદા કાર્યમાં સહભાગી થવા મંડળના મંત્રી રહેમાનભાઈ અંસારીએ જણાવ્યું છે.

ચેક કે ડ્રાફટ સર્વિસ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડના નામનો લખવો તેમજ આ અંગેની રસીદ મંડળના કાર્યાલય પરથી મેળવી લેવાની રહેશે.



ગાંધીનગર સિવીલ હૉસ્પિટલ ખાતે નવિન ફૂટપાથ અને પાર્કીંગ સ્પેસ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આધાર કાર્ડ કઢાવવાનો કાર્યક્રમ પૂર્ણ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના ઉપક્રમે ગત તારીખ ૩૦ જૂનના રોજ રવિવારના રોજ સે-૨૮, ૨૯, ૩૦ના પેન્શનર્સ તથા અન્ય નાગરિકો માટે આધાર કાર્ડ કઢાવવાનો કાર્યક્રમ સે-૨૮ની સરકારી પ્રાથમિક શાળામાં યોજવામાં આવેલ હતો. જેમાં તમામે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વ્યવસ્થા જળવાય, ક્રમ નંબર અનુસાર આધાર કાર્ડ કઢાય અને લાઈનમાં ઉભા ન રહેવું પડે તે માટે ઉપસ્થિત સર્વેને ક્રમ નંબર આપવામાં આવ્યા હતા.

આધાર કાર્ડ માટે અપેક્ષાથી વધુ ધસારો જોવા મળ્યો હતો. જેથી કામગીરી મોડે સુધી ચાલુ રાખવી પડી હતી વિકલાંગોને પ્રાથમિકતા આપવામાં આવી હતી. આધાર કાર્ડ કાઢવાની એક દિવસની કામગીરીની ક્ષમતા કરતાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહેતા ઘણા ખરા પેન્શનરો તેમજ નાગરિકો આધાર કાર્ડ કઢાવવાથી વંચિત રહ્યા હતા અને આવો કાર્યક્રમ ફરીથી યોજાય તેવી લોકલાગણી સંભળાતી હતી. લગભગ ૧૧૦ જેટલા પેન્સનર્સ/નાગરિકોને આવરી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમના આયોજન શાળાના આચાર્ય, સ્ટાફ તથા મીડીયા દ્વારા કાર્યક્રમને સફળ બનાવાયો હતો. આ કાર્યક્રમમાં પેન્શનર્સ સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટ, મહામંત્રી કે.ઓ. વ્યાસ અને મંત્રી ડી.પી.સંઘાણી આખો દિવસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના માનદ મંત્રી તથા સે-૨૮ના પ્રતિનિધિ પંઢરીનાથ જગતાપ અને સે-૨૯ના કારોબારી સભ્ય ત્રિકમભાઈ નાયી દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

તથા આજ પ્રકારનો કેમ્પ સેક્ટર-૭, ૮ ના ફકત પેન્શનરો માટે આધારકાર્ડ કઢાવવાનો કાર્યક્રમ આગામી ૭ જુલાઈ ૨૦૧૩ના રોજ સવારે ૧૦ થી ૫ સુધી ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરના હોલ સે-૮ ખાતે રાખવામાં આવેલ છે જેમાં સર્વેએ પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ બેંક પાસબુક, લાઈટબીલની અસલ તથા દરેકની એક એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૪.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઘનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યે જવાહી હે દિવાની : ૧૨.૪૫
ફુકરે : ૪.૦૦
ઘનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ઘનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

રાંઝણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શિખંડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઘનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રાંઝણા: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,
શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : મહત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. પૂરીબેન મણીલાલ પટેલ(ઉ.વ.૮૮) પ્લોટ નં. ૪૮૬/૨, વૃંદાવન પાર્ક, સેક્ટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. પ્રતાપજી મફતજી જાદવ(ઉ.વ.૬૦)મુ.પો. ફિરોજપુર, તા.,જિ. ગાંધીનગર.